ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો.ઓ.બેંક લિ.

રજી.ઓફીસ : જે.પી રોડ, અઠવાગેટ, સુરત-૩૯૫૦૦૧
ફોન નં.૦૨૬૧-૨૪૬૬૦૦૧,૦૨,૦૩

પીપલોદ શાખાનાં માનવંતા ગ્રાહકો જોગ

ગ્રાહકોને ઉત્તમ બેંકિંગ સેવા પ્રદાન કરવા બેંકની પીપલોદ શાખા તા.૧૭-૦૬-૨૦૨૬ નાં રોજથી હાલની શાખાથી નજીક અંદાજીત ફક્ત ૭૦૦ મીટરનાં અંતરે ગ્રાઉન્ડ ફ્લોર દુકાન નંબર ૫ થી ૭ સાંસ્કૃત એપાર્ટમેન્ટ, ઇસ્કોન મોલની સામે પીપલોદ સુરત મુકામે ઉત્તમ સુવિધાવાળા બેંકિંગ પરિસરમાં સ્થાળાંતર થઈ રહી છે જેની નોંધ લેશો. આ ઉપરાંત શાખાના લોકર ધારક ગ્રાહકોને જણાવવાનું કે બેંક દ્વારા લોકર સ્થળાંતર દરમ્યાન પુરતી સાવચેતી અને સુરક્ષા રાખવામા આવશે. તેમ છતા આપશ્રી આપનો કિંમતી સામનનો કબજો લેવા માંગતા હોય તો તા.૧૨/૦૬/૨૦૨૬ સુધીમાં મેળવી લેવા વિનંતી અને લોકર સ્થળાંતર થયા બાદ આપ ફરી આપનો કિંમતી સામાન લોકરમાં મુકી શકો છો.

સહકારની અપેક્ષા
મેનેજીંગ ડિરેક્ટર

મિલકતના ટાઈટલ ક્લીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે **સુરત** ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ તાલુકો:-**મજુરા(સુરત સીટી)** મોજે **ગામ:-બમરોલીના બ્લોક નં.૨૯૬ અને ૨૯૮,** જેને **લાગુ ટી.પી.સ્કીમ નં.૫૮(બમરોલી), ફાઈનલ પ્લોટ નં: ૧૩૯** થી નોંધાયેલ બિનખેતીની જમીનમાં ઈન્ડસ્ટ્રીયલ હેતુ માટે આયોજીત **"ઉમા ઈન્ડસ્ટ્રીયલ"**ના નામથી ઓળખાતી સોસાયટીમાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નં: ૧૦૫** વાળી મિલ્કતની હાલની માલિકી **અંજનાબેન જગદીશભાઈ પટેલ**ની ચાલી આવેલ છે. સદરહુ મિલ્કતના માલિક પાસેથી **અગાઉના અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૪૩૭૪ તા.૦૨-૦૪-૨૦૦૫ની ફક્ત અસલ રજીસ્ટ્રેશન ફી રસીદ** ગેરવલ્લે યાને ગુમ થયેલ હોવાનું જણાવી અમો કનેથી સદરહુ મિલ્કતનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી સદરહુ મિલ્કત બાબતે કોઈને કોઈપણ પ્રકારનો વાંધા વિરોધ અવરોધ અટકાયત, કોઈ કોલ-કરાર, દરદાવો, હક્ક, હીત, હીસ્સો, દાવાદુવી કે અન્ય કોઈપણ પ્રકારનું હક્ક-હીત-હિસ્સો કે તર-તકરાર અથવા કોઈ નાણાંકીય સંસ્થાનો ચાર્જ યાને બોજો હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭માં લેખિત પુરાવા સહિત નીચે જણાવેલ સરનામાં ઉપર જાણ કરવી મુદત વિત્યે કોઈના કોઈપણ જાતના વાંધા વિરોધ અવરોધ આવશે નહીં તો સદરહુ જમીન-મિલ્કતનું અમો એડવોકેટસ ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને સદરહુ જમીન-મિલ્કત અમારા અસીલ બેંક ઇકવીટેબલ મોર્ગેજ(ગીરોમાં) લેશે અને પાછળથી કોઈના કોઈપણ જાતના વાંધા ચાલશે નહીં અને સદરહુ મિલ્કત ઉપર અમારા અસીલ બેંકનો પ્રથમ ચાર્જ રહેશે. જેની આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓએ નોંધ લેવી. **તા.૦૯-૦૬-૨૦૨૬**

સુજીત બી.રામોલીયા - એડવોકેટ
ઓફીસ નંબરઃ ૪૦૧૩,સેન્ટ્રલ બાઝાર,
વરાછા પોલિસ સ્ટેશનની સામે,વરાછા,સુરત મો.: ૯૮૨૪૭-૨૧૦૦૨

-: વેચાણ અંગેની જાહેર નોટીસ :-

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે નીચે જણાવેલ વર્ણન અને વિગતવાળી જમીનનાં સ્વતંત્ર માલીક મુખ્ત્યાર અને કબજેદાર (૧) રાબિયા તે ફકીર હશન માયાતની છોકરી, (૨) મરીયમ ફકીર હશન માયાત ઉર્ફે હસન ફકીરની પુત્રી, (૩) ઝોહરા ફકીર હશન માયાત ઉર્ફે હસન ફકીરની પુત્રી, (૪) ફરીદા ફકીર હશન માયાત ઉર્ફે હસન ફકીરની પુત્રી, (૫) ફાતીમાં ફકીર હશન માયાત ઉર્ફે હસન ફકીરની પુત્રી, (૬) હસન ફકીર હસન માયાત ઉર્ફે હસન ફકીર, (૭) રઝીયા ઇબ્રાહીમ માયાત, (૮) શબનમ ઈબ્રાહીમ માયાત, (૯) આદીલ ઈબ્રાહીમ માયાત તથા (૧૦) ફાતિમા ઝાહરા ઈબ્રાહીમ માયાત ચાલી આવેલા છે તેવું જણાવી મજકુરનાઓએ સદરહુ જમીન હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને હમારા અસીલ ટુંક સમયમાં પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેવાના છે સદરહુ જમીન બાબતે કોઈનો પણ કોઈપણ પ્રકારનો હક્ક હિસ્સો હિત સંબંધ દર દાવો કે કબજો હોય કે કોઈને કોઈપણ પ્રકારના વાંધા વિરોધ અવરોધ કે અટકાયત હોય તો તેમણે આ જાહેર નોટીસ સિધ્ધ થયેથી દિન-૧૦માં હમોને લેખીતમાં પુરાવા સહિત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો મુદ્દત વિત્યેથી કોઈનો પણ કોઈપણ પ્રકારન લાગભાગ હક્ક હિસ્સો નથી અથવા છોડી દીધો છે તેવું માની હમારા અસીલ સદરહુ જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ કરી લેશે. ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા વિરોધ અવરોધ કે અટકાયત ચાલશે નહી તેની આથી જાહેર નોંધ લેવી.

-: જમીનની વિગત :-

નવસારી ડિસ્ટ્રીક્ટ, જલાલપોર સબ-ડિસ્ટ્રીક્ટના મોજે ગામ વેસ્માના બ્લોક નં.૫૧૬/ પૈકી ૧ વાળી બિનખેતીની જમીન, જેનું ક્ષેત્રફળ ૨૨૯૮૮.૦૦ ચો.મી., છે. જેનો સીટી સર્વે દફતરે, વોર્ડ : વેસ્મા(બિનખેતી), સીટી સર્વે નં.NA ૫૧૬/ પૈકી ૧ આપવામાં આવેલ છે તે જમીન તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હક હિત હિસ્સા સહિત દરોબસ્ત.

સ્થળ : સુરત, તા. ૦૮.૦૬.૨૦૨૬
એ/૧૦૮-૧૦૯, પહેલા માળે,
આદિત્ય કોમ્પલેક્ષ, કાપોદ્રા-ઉત્રાણ બ્રીજ પાસે,
ઉત્રાણ, સુરત. મો. ૯૯૦૯૧ ૮૪૨૩૦

મુકેશ એન. કપુરીયા
તે ખરીદનારના એડવોકેટ
અમારા અસીલની સુચના અને ફરમાઈશથી

ટાઈટલ ક્લીયરન્સ અંગે જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને તથા જાહેર જનતાને જાહેર નોટીસ/ચેતવણી આપી જણાવવાનું કે ડિસ્ટ્રીક્ટ સુરત, સબ-ડિસ્ટ્રીક્ટ તથા તાલુકા ચોર્યાસીના **મોજે ગામ : ગોડાદરા** ના **રેવન્યુ સર્વે નંબર : ૧૭૭, ૧૭૮, ૧૭૯, ૧૮૦/૧/૨/બ, જેનો બ્લોક નંબર : ૧૮૦ જેનો ટી.પી. સ્કીમ નંબર : ૬૧, (પરવટ-ગોડાદરા) ના ફાઈનલ પ્લોટ નંબર : ૧૭૦** થી નોંધાયેલ બીનખેતીની ૩૦૩૫૨ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી જમીન જેનો આકાર રૂ.૪૨-૫૫ પૈસાવાળી બીનખેતીની જમીન જેના પર રહેઠાણ હેતુ માટે **"ધ્રુવપાર્ક હાઉસીંગ સોસાયટી"** ના નામથી ઓળખાતી સોસાયટીનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં આવેલ પ્લોટો પૈકી **પ્લોટ નંબર : ૨૩૭** થી નોંધાયેલ મિલકત, જેનું ક્ષેત્રફળ **૧૨' X ૩૨.૬"ચો.ફુટ યાને ૩૬.૨૪ ચો.મી** થાય છે. જેના ઉપર **ગ્રાઉન્ડ ફ્લોર + પ્રથમમાળ + બીજા માળ + ત્રીજા માળ નું અડધુ બાંધકામ ચાલી આવેલ છે. જેના બાંધકામનું કુલ બિલ્ટઅપ ક્ષેત્રફળ ૧૪૯.૬૪ ચો.મી.** તથા તેને લાગુ રોડ, રસ્તાના વણવહેંચાયેલ હિસ્સાનું તથા સી.ઓ.પી.નું ક્ષેત્રફળ **૧૫.૮૬ ચો.મી. કુલ્લે ક્ષેત્રફળ ૫૨.૦૧ ચો.મી.** વાળી મિલકત તથા તેને લાગતા વળગતા હરકોઈ હક્ક, મુળ હક્ક સહિતની કુલ્લે દરોબસ્ત વાળી મિલકતના મુળ માલીક **(૧) સુનિલભાઈ કાનજીભાઈ પટેલ (૨) કાંતિલાલ શામજીભાઈ સાનેપરા ઉપરોક્ત નંબર : ૧ થી ૨ ના કુલમુખત્યાર તરીકે કિશોરભાઈ માધવજીભાઈ જીયાણી હતા અને જેઓ એ સદરહુ મિલકત (૧) ભવાનભાઈ દુદાભાઈ કાચડ (૨) રમેશભાઈ શામળાભાઈ કાચડ** તારીખ : ૨૫/૦૭/૨૦૦૭ ના રોજ વેચાણ આપેલ હતી. જે અંગે ના વેચાણ દસ્તાવેજ મહેરબાન સુરતના નવાગામ સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર : ૧૨૨૪૧/૨૦૦૭ થી તારીખ : ૩૦/૦૭/૨૦૦૭ ના રોજ નોંધાયેલ છે, જે રજીસ્ટ્રર દસ્તાવેજ ની અસલ આર.આર.રસીદ ગેરવલ્લે યાને ગુમ થયેલ છે. અને સદરહુ મિલકત ઉપર કોઈપણ પ્રકારનો હક્ક, હીત, હીસ્સો, લાગભાગ, દર-દાવો યા ઈઝમેન્ટ, લીયન, ચાર્જ, બોજો, કબજા હક્ક, વિગેરેના હક્કો હોય તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ ની મુદ્દતમાં, પોતાના હક્ક-દર-દાવા સંબંધી લેખીત પુરાવા સહિત નીચે જણાવેલ સરનામે જાણ કરવી, નહીંતર મુદ્દત વિત્યે કોઈના હક્કો નથી એમ માની અથવા તો તેવા તમામ હક્કો તેઓએ જતા (વેવ) કર્યા હોવાનું શુધ્ધ-બુધ્ધીપુર્વક માની લેવામાં આવશે. ત્યારબાદ કોઈના તકરારને અવકાશ રહેશે નહીં. જેની આથી નોંધ લેવી. (સુરત તારીખ : ૦૮/૦૬/૨૦૨૬)

જયેશ જે. મોદી
એડવોકેટ (મો.૯૪૨૮૫ ૮૦૪૮૧)

રોશની જે. મોદી
એડવોકેટ (મો.૯૪૨૯૯ ૮૭૮૭૭)

ઓફીસ : ૨૦૬-૨૦૭, બીજો માળ, મિડાસ સ્કેવર, પુણા પાટીયાથી ગોડાદરા ૧૫૦ ફુટ રોડ, પરવટ ગામ, સુરત.

વેચાણ અંગે ટાઈટલ ક્લીયરન્સની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને આ જાહેર નોટીસ દ્વારા જાણ કરી જણાવવામાં આવે છે કે, ડીસ્ટ્રીક્ટ : સુરત, સબ-ડીસ્ટ્રીક્ટ : કામરેજનાં મોજે ગામઃ **વલથાણ**નાં ખાતા નંબર : ૧૦૨૩, જુનો બ્લોક નંબર : ૧૪૧/બ તથા ૧૦૨/બ, જેનો રી-સર્વે નંબર : ૧૮ તથા ૫૬, જેનો **દુરસ્તી બાદ રી-સર્વે નવો બ્લોક નંબર : ૧૮/બ** વાળી ટાઈટલ ક્લીયર ખેડખાતાની જુની શરતની ખેતીની જમીન, જેનું પોતખરાબા સહીતનું કુલ ક્ષેત્રફળ **હે.આરે. ૦-૯૫-૧૨ ચો.મી.**ટાઈટલ ક્લીયર જુની શરતની ખેતીની જમીન, જેનો આકાર રૂ.૧૩-૫૭ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીન (૧) **સુરેશભાઈ આંબાભાઈ ગોધાણી, (૨) જગદીશભાઈ નાગજીભાઈ કાકડીયા, (૩) રમેશભાઈ હિરજીભાઈ કાકડીયા, (૪) અશોકભાઈ નાગજીભાઈ કાકડીયા**ની સંયુક્ત માલીકી, કબજા, ભોગવટા, વહીવટ, વ્યવસ્થાની ચાલી આવેલી હોવાનું તથા તમામ પ્રકારનાં ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાનું જણાવીને મારા અસીલોને વેચાણ કરવા માંગે છે. સદરહુ જમીન-મીલકતમાં કોઈપણ વ્યકિત, વંશવાલી, વારસદારો, બેંક, ટ્રસ્ટ/સંસ્થાનો કોઈપણ પ્રકારનો વાંધો- વિરોધ, લાગભાગ, કબજા હકક, વેચાણ હકક, માલીકી હકક, હીત, અધીકાર, સબંધ, કે દાવો, બોજો, લીયન, ધીરાણ, મોર્ગેજ, કરજ, ગીરો હકક, ભાડા હકક, સાટાખત હકક, ઈઝમેન્ટ હકક, વપરાશી હકક, અલાખો કે લીયન હોય, તો આ નોટીસ પ્રસિધ્ધ થય દિન-૭માં લેખીત પુરાવાઓ લઈ મને મળવું. મુદત વિત્યાબાદ કોઈનો કશા પ્રકારનો કાયદેસરનો વાંધો- વિરોધ, તરતકરાર, લાગભાગ, હકક, હીત, અધિકાર નથી, અથવા કબજા હકક, વેચાણ હકક, હીત, અધીકાર રાજીખુશીથી જમીન-માલીકોની તરફેણમાં જતો(વેવ) કરેલ છે, તેમ માની મુળ જમીન માલીકોને નક્કી કરેલ પુરેપુરો વેચાણ અવેજ ચુકવણી કરીને, સદરહુ જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ મારા અસીલોનાં નામે કરી-કરાવી લેવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર/તકરાર, વાંધો-વિરોધ, દાવા-દુવી ચાલશે નહી. જેની સ્પષ્ટ નોંધ લેવી. લિ. સુરેશભાઈ આંબાભાઈ ગોધાણી વિગેરે...

મારી મારફતઃ
બી. કે. રાબડીયા - એડવોકેટ
સંજય જે. ગોલકીયા - એડવોકેટ

ઓફિસઃ સાક્ષી હાઉસ,
જીવનધારા હોટલ સામે,
ગીતાંજલી, વરાછા રોડ, સુરત.
મો.૯૯૨૫૦ ૧૫૨૧૫

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, તાલુકા મજુરાના શહેર સુરતના પીપલોદ વિસ્તારમાં આવેલ મોજે પીપલોદના બ્લોક/સર્વે નં.૮૬, ખાતા નં. ૫૦૨, ક્ષેત્રફળ ૨.૫૫.૮૦ સ.ચો.મી.વાળી તથા હાલ ટી.પી.સ્કીમ નં.૬ (પીપલોદ), ફાયનલ પ્લોટ નં.૧૨૨ વાળી ૧૯૫૪૦ ચો.મી. ક્ષેત્રફળવાળી બીનખેતીની જમીન જે તિરુપતિનગર ના નામથી ઓળખાય છે તે જમીનમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં. બી/૫૦, બી/૫૧, બી/૫૨ તથા બી/૫૩ વાળી ખુલ્લી જમીન, જેનું સ્થળ ઉપરનું કુલ ક્ષેત્રફળ ૮૯૮.૮૩ સ.ચો.મી. છે અને રેવન્યુ રેકર્ડ મુજબનું ક્ષેત્રફળ ૧૦૦૦.૨૮ સ.ચો.મી. છે તથા સી.ઓ.પી.ના પ્રમાણસરના હિસ્સાનું ક્ષેત્રફળ ૧૩૫.૪૩ સ.ચો.મી. તથા રસ્તાના પ્રમાણસરના હિસ્સાનું ક્ષેત્રફળ ૨૧૮.૬૨ સ.ચો.મી. મળી કુલ્લે ક્ષેત્રફળ ૧૩૫૪.૩૪ ચો.મી. છે તે જમીન અંદરના તથા બહારના લાગતા વળગતા તમામ હકકો સહિત દરોબસ્તવાળી મીલકતોના માલીક/કબજેદાર રૂપેશકુમાર હિતેન્દ્રકુમાર ખત્રી, બીનાબેન ભરતભાઈ પંચાલ, કેતન હિતેન્દ્રકુમાર ખત્રી તથા જીજ્ઞાશા યોગેશભાઈ ગરાછ ચાલી આવેલા હોવાનું જણાવી તથા સદર મીલકત તેઓની સંપુર્ણ, સ્વતંત્ર આગવી માલીકી અને કબજા ભોગવટાની બોજા રહિતની હોવાનું તથા લેખિત/મૌખિક રીતે કોઈના હકક/અધિકાર ઉભા કરેલ નથી તેમ જણાવી સદરહુ મિલકતો અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહુ મિલકતોને લઈ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો, બોજો, લીયન કે અન્ય કોઈ રીતે કોઈ હકક સંબંધથી પ્રાપ્ત થતા હકકો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં તે બદલના પુરાવા સહિત લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે તો સદરહુ મિલકતો ઉપર કે તેના કોઈપણ ભાગ ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો, બોજો, લીયન કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતા હકકો નથી અને હોય તો તે જતા (વેવ) કરેલ છે, તેમ માની વેચાણ/ખરીદની કાર્યવાહી પુરી કરવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તરતકરાર ચાલશે નહીં જેની જાહેરે નોંધ લેવી.

૬૧-૬૨, હરીશ નગર,
ગ્રીન એન્કલેવ રો-હાઉસની સામે,
સરદાર પુલ નજીક, ગુજરાત ગેસ સર્કલ,
અડાજણ, સુરત ૩૯૫૦૦૯
મો.નં. ૯૮૯૮૦૪૫૨૬૫

મિતેષ એમ. શાહ
વિશાલ એમ. પટેલ
જય એમ. શાહ
તે ખરીદનારના એડવોકેટ્સ

અમરોલીમાં ઘર કંકાસમાં રત્નકલાકારે ઝેર પીને આત્મહત્યા કરી

સુરતઃ અમરોલીમાં ઘર કંકાસમાં રત્નકલાકારે ઝેર પીને આત્મહત્યા કરી લીધી હતી.

મળેલી માહિતી મુજબ, મૂળ જામનગરના જામજોધપુર તાલુકાના વતની વિનયભાઈ કુરજીભાઈ વાડી (ઉં.વ.29) હાલમાં અમરોલી છાપરાભાઠા રોડ પર આવેલી શ્રીજી રો-હાઉસમાં એક પુત્ર સહિતના પરિવાર સાથે રહેતા હતા અને રત્નકલાકાર તરીકે નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા.

વિનયભાઈનો તેમની પત્ની સાથે ઘરમાં નાની-નાની વાતોને લઈ ઝઘડાંઓ થતાં હતા. જે ઝઘડાઓથી કંટાળીને વિનયભાઈએ રવિવારે રાત્રે ઝેર પી લીધું હતું.

બનાવની જાણ થતાં પરિવારજનો તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતા. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન વિનયભાઈનું મોત નીપજ્યું હતું.

ઓન લાઇન ટેન્ડરીંગ માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર જાહેર નિવિદા નં - ૦૮ સને ૨૦૨૬-૨૭,

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઇજનેરશ્રી, રાજપીપલા (મા.મ) વિભાગ, રાજપીપલા જિ. નર્મદા ફોનનં ૦૨૬૪૦-૨૨૨૯૩૯ દ્વારા બિલ્ડીંગ ના ખાસ મરામત ના ૩ કામો માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઇજારદારો પાસેથી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઓન લાઇન ટેન્ડર માંગવામાં આવેલ છે. જેની અંદાજીત કિંમત ૧૨.૩૦ લાખ થી ૨૦.૭૯ લાખ સુધી ની છે.
ઉપરોક્ત કામના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઇટ https://tender.nprocure.com ઉપર તા.૨૩/૦૬/૨૦૨૬ સુધી ઉપલબ્ધ રહેશે તથા માહિતી વિભાગ સાઇટ www.statetenders.com ઉપર જોવા મળશે. નિવિદામાં થનાર ફેરફાર વેબસાઇટ પર જોવા મળશે. માહિતી/નર્મદા/૯૧/૨૦૨૬-૨૭

જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ, તાલુકે સીટીના શહેર સુરતના **મોજે ઉમરવાડા, સીટી સર્વે નં. ૧૪૮૭** જેનું જમીનનું ક્ષેત્રફળ સુમારે ૧૦૭.૧૨ ચો.મી. અને બિલ્ટઅપ ક્ષેત્રફળ સુમારે ૨૫૧.૨૮ ચો.મી.ના બાંધકામવાળી મિલ્કત/દુકાન આવેલ છે. જે સુરત મહાનગરપાલીકાના આકારણી દફતરે ટેનામેન્ટ નંબર ૦૪૧એ-૦૧-૦૩૧૧-૦-૦૦૧ થી નોંધાયેલ છે. તે મિલકતના માલિકો સતીષચંદ્ર સુમંતલાલ શેઠના તથા દક્ષેક્ષ મોહનભાઈ મોદી સીટી સર્વે ઈન્કવાયરીમાં કાયદેસરના માલિક/કબજેદાર તરીકે ચાલી આવેલા છે. જેમાં સતીષચંદ્ર સુમંતલાલ શેઠનાનો ૬૨.૫% હિસ્સો અને મારા અસીલ દક્ષેક્ષ મોહનભાઈ મોદીનો ૬.૨૫% નો હિસ્સો કાયદેસરનો શાંત, પ્રત્યક્ષ કબજો-ભોગવટો ચાલી આવેલો છે. હાલમાં, મારા અસીલ દક્ષેક્ષ મોહનભાઈ મોદીની જાણમાં આવેલ છે કે, સદર મિલ્કતમાં આવેલ વણ-વહેંચાયેલ વારસાઈ હક્ક, હિત, હિસ્સા વિરૂધ્ધ મારા અસીલના મામા સતીષચંદ્ર સુમંતલાલ શેઠના વર્તન કરી રહ્યા છે/વેચાણ કરવા ફરી રહ્યા છે. જેથી, જાહેરને આ નોટીશ તથા ચેતવણી આપી જણાવવાનું કે, સદર મિલ્કતોમાં મારા અસીલનો હક્ક, હિત સમાયેલ હોય, આ નોટીશમાં જણાવેલી સ્થાવર મિલ્કતો અંગે હર કોઈએ કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં કે ખરીદ કરવી નહીં કે ભાડે લઈ શકશે નહીં, વ્યવહાર કરનારને કે ખરીદ કરનારને ફક્ત લીટીગેશન સિવાય કાંઈ પ્રાપ્ત થશે નહીં, ઉલ્ટુ દાવા-દુવીના પ્રકરણોમાં સંડોવાવું પડશે. જેની આથી નોંધ લેવી.

ઓફિસ : ૧૨૧, લા વિક્ટોરીયા,
ગેલેક્ષી સર્કલ, પાલ, સુરત.
મો.નં. ૯૫૮૬૩ ૫૯૩૨૭.

દિપાલી એચ. નાવિક
(એડવોકેટ એન્ડ નોટરી)

-:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી જણાવવાનું કે નવસારી ડીસ્ટ્રીક્ટ, જલાલપોર સબ-ડીસ્ટ્રીક્ટના ગામ **મોજે : સીસોદ્રા(આરક)**ના જુના સર્વે નં.૪૬૨, **નવો રે.સર્વે/બ્લોક નંબર : ૫૨૦** વાળી જુની શરતની ખેતીની જમીન જેનું હે.આરે.કુલ્લે ક્ષેત્રફળ : **૧-૮૨-૫૦ ચો.મી.** જેનો આકાર **રૂ.૩૦.૨૦ પૈસા** છે. તથા **ખાતા નંબર : ૩૪૭** છે. તે જમીન તથા તેમાં આવેલ ઝાડ, પાન, બીડ, શેઢા સહિતની જમીનના માલિક **છીતુભાઈ કેશવભાઈ પટેલ** નાએ પોતાના સ્વતંત્ર માલીકી તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની તેમજ ચોખ્ખા, માર્કેટેબલ તથા બોજા રહીત ટાઈટલ ક્લીયર હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. અમારા અસીલ સદર મિલકત અંગેના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ટુંક સમયમાં કરાવી લેનાર છે. સબબ સદર મિલકતમાં કોઈપણ વ્યકિત, સંસ્થા, બેંક કે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો કે અધિકાર હોય તો તેઓએ જરૂરી પુરાવા સાથે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાના **દિન-૭** માં નીચે જણાવેલ સરનામે અમારો રૂબરૂ સંપર્ક કરવો. ત્યારબાદ સદર મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હીત, હિસ્સો રહેલો નથી અને હોય તો તેઓએ તેવા હક્કો જતા કરેલા છે એમ માનીને અમારા અસીલ સદર મિલકતનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની આથી તમામ લાગતા વળગતાએ લેખિત નોંધ લેવી.

ઓફિસ ન. ૨૦૧, બીજો માળ, અમર શિલ્પ ચેમ્બર,
ટી.એન્ડ.ટી.વી. સ્કુલ સામે, નાનપુરા, અઠવાલાઈન્સ,
સુરત. મો. ૯૮૯૮૧ -૦૭૨૯૯, ૯૮૭૯૬ ૪૮૯૦૧

વિકેન એમ. ગજીવાલા
(એડવોકેટ એન્ડ નોટરી)
પરષોત્તમ રાણા (એડવોકેટ)

ટાઇટલ ક્લીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, નીચે જણાવેલ વર્ણન અને વિગતવાળી મીલકત શ્રી હિતેશભાઈ રણજીતલાલ વડેરા વિગેરે ની સ્વતંત્ર અને સંપૂર્ણ માલીકીની ચાલી આવેલી હોવાનું જણાવે છે અને જેઓ પાસેથી સદરહુ મીલકત (૧) ચુમકી પ્રબીર આશ અને (૨) પ્રબીર મધુસુદન આશ એ વેચાણથી રાખવાનુ નક્કી કરેલ છે અને સદરહુ મીલકતનો ટાઈટલ રીપોર્ટ હમોએ આપવાનો છે અને તેઓ જણાવે છે કે તેઓના સદરહુ મિલકતના અગાઉની માલીકીના અસલ દસ્તાવેજો પૈકી નીચે જણાવેલ દસ્તાવેજો તેમના કબજા ભોગવટામાંથી ગેરવલ્લે યાને ગુમ થયેલ છે માટે સદરહુ મીલકત બાબતે કોઈને કોઈપણ જાતના વાંધા કે ચાર્જ બોજો લીયન હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં પુરાવા સહીત લેખીતમાં જાણ કરવી. મુદત વિત્યે કોઈના કોઈપણ જાતની તકરાર ચાલશે નહીં અને તેમણે પોતાના તમામ હક્ક હિસ્સો જતો કર્યો છે તેમ માની હમો સદરહુ મિલકત અંગેનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપીશુ અને હમારા અસીલ બેંક સદરહુ મિલકત મોર્ગેજ/ગીરોમાં લેશે અને હમારા અસીલ બેંકનો સદરહુ મીલકત ઉપર પ્રથમ ચાર્જ રહેશે પાછળથી કોઈના કોઈપણ પ્રકારના વાંધા ચાલશે નહિ અને જો કરશે તો આ જાહેર નોટીસથી રદ બાતલ ગણાશે જેની છેવટની નોંધ લેવી.
<u>ખોવાઈ ગયેલ દસ્તાવેજની વિગત</u> :- (૧) તારીખઃ ૦૫-૦૧-૧૯૮૭ નાં રોજથી સબ-રજીસ્ટ્રાર સુરત સાહેબની કચેરીમાં નોંધાયેલ અસલ રજીસ્ટર્ડ હક્ક કમી કર્યાનો દસ્તાવેજ રજી.નં. ૧૩૫ તથા તેની અસલ રજીસ્ટ્રેશન ફી ભર્યાની રસીદ. (૨) તારીખઃ ૨૬-૦૫-૧૯૩૭ નાં રોજથી સબ-રજીસ્ટ્રાર સુરત સાહેબની કચેરીમાં નોંધાયેલ વેચાણ દસ્તાવેજ રજી.નં. ૧૫૦૬ ની અસલ રજીસ્ટ્રેશન ફી ભર્યાની રસીદ.
<u>મીલકતની વિગત</u> :- ડીસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ સુરત સીટીનાં સૈયદપુરા શ્રાવક શેરી વિસ્તારમાં આવેલ સીટી સર્વે વોર્ડ નં. ૭ ના નોંધ નંબર. ૩૧૩૨ થી નોંધાયેલ ક્ષેત્રફળ સુમારે ૫૬.૮૫.૬૮ સ.ચો.મી વાળી જમીન તથા બાંધકામનું બિલ્ટ-અપ ક્ષેત્રફળઃ ૨૦૩.૦૨ ચો.મીટર વાળી મિલકત. (તા. ૦૯/૦૬/૨૦૨૬)

ઓફિસ : 'શિવશકિત', ૩૧૨, રોયલ ટ્રેડ સેન્ટર,
સ્ટાર બજારની સામે, સુરત-હજીરા રોડ, અડાજણ
સુરત. મો. ૯૭૧૨૯ ૩૯૨૯૨, ૯૩૭૪૫ ૩૯૨૯૨

મારી મારફત
રાજેન્દ્રસિંહ ટી. ઠાકોર
એડવોકેટ એન્ડ નોટરી

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, નીચે જણાવેલ વર્ણનવાળી મિલકત દિવ્ય વસુંધરા ફાયનાન્સીયર્સ કંપની પાસેથી મેહુલ સુનિલભાઈ પટેલ રહે. ૨૪/૨/૫૭, રાયલી પ્રેસ, લાલ દરવાજા, સુરતનાએ ખરીદ કરેલ. નાએ ખરીદ કરેલ. જેઓએ સદર મિલકતના મુળ માલીક દિવ્ય વસુંધરા ફાયનાન્સીયર્સ કંપનીને રજુઆત કરતા, સદર મિલકતનો વેચાણ દસ્તાવેજ હાલના કબજેદાર મેહુલ સુનિલભાઈ પટેલ ના નામે કરવાનો હોય, સદર મિલકતની દિવ્ય વસુંધરા ફાયનાન્સીયર્સ કંપની ધ્વારા આપવામાં આવેલ અસલ રસીદ તથા અન્ય દસ્તાવેજી પુરાવાઓ ગેરવલ્લે થયેલ હોય, જેથી સદર મિલકત કોઈને પણ ગીરો યા લીયનમાં આપેલ હોય, વેચાણ કરેલ હોય, બક્ષીસ કરેલ હોય, અથવા અન્ય કોઈ રીતે ટ્રાન્સફર કે એસાઈન કરેલ હોય તો તેની સામે કોઈને પણ કોઈપણ જાતના વાંધા, વિરોધ, અવરોધ, અટકાયત હોય કે દર-દાવો, ચાર્જ બોજો કે લીયનના હક્કો નોંધાયેલા હોય તો દિવસ-૭ માં અમારા નીચે જણાવેલ સરનામે દસ્તાવેજી પુરાવા સહિત જાણ કરવી, જો ઉપરોક્ત મુદતમાં કોઈના કોઈપણ જાતના તર-તકરાર આવશે નહી તો સદરહુ મિલકત ઉપર કોઈનો કોઈપણ જાતનો હક્ક હિસ્સો હિત વિગેરે નથી અને હોય તો તે જતા કરેલ છે તેવું માની સદરહુ મિલકતનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ બનાવી આપવામાં આવશે. જેની આથી તમામે નોંધ લેવી.

મિલકતની વિગત

સુરત ડીસ્ટ્રીકટ, સુરતના તાલુકા : સીટીના શહેર સુરતમાં સમાવિષ્ટ મોજે **ગામ : કતારગામ**ની સીમમાં **સર્વે નં. : ૩૧૪** પૈકીથી નોંધાયેલ જમીન કે જેને **ટી.પી.સ્કીમ નં. ૩ અને એફ.પી. ૨૯/એ** ની કેટલીક જમીન ઉપર બાંધવામાં આવેલ **"દિવ્ય જ્યોત ફ્લેટ્સ"** માં આવેલ **ફ્લેટ નં : જી-૨** વાળી મિલકત, જેનું સીટીસર્વે મુજબનું ક્ષેત્રફળ આશરે ૩૮.૩૫ ચો.મી. છે તે મિલકત તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હક્કો સહીતની મિલકત. તા. ૦૯/૦૬/૨૦૨૬

ઓફીસ :૧૬૨, (એન.એસ.ટી.એમ.)
ન્યુ સરદાર ટ્રેડર્સ માર્કેટ, કુંભાલ,સુરત.
મો.૯૯૨૫૨ ૨૦૫૧૭

ધર્મેન્દ્ર એસ. પ્રજાપતિ
તે મે. દિવ્ય વસુંધરા ફાયનાન્સીયર્સ પ્રા. લિ ના
(એડવોકેટ & નોટરી)

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, નીચે જણાવેલ વર્ણનવાળી મિલકત દિવ્ય વસુંધરા ફાયનાન્સીયર્સ કંપની પાસેથી ઈશવરલાલ આત્મારામ દોઢીયાવાલાનાએ ખરીદ કરેલ. તેઓ પાસેથી મેહુલકુમાર દશરથભાઈ પટેલ, સારવ દશરથભાઈ પટેલ તથા પ્રશાંત દશરથભાઈ પટેલનાઓએ ખરીદ કરેલ. તેઓ પાસેથી હાલના કબજેદાર રીન્કુબેન નૈનેશભાઈ પટેલ રહે. ૩૩, વિશ્વકૃપા સોસાયટી, સુમુલ ડેરી રોડ, સુરતનાએ ખરીદ કરેલ. તેઓએ સદર મિલકતના મુળ માલીક દિવ્ય વસુંધરા ફાયનાન્સીયર્સ કંપનીને રજુઆત કરતા, સદર મિલકતનો વેચાણ દસ્તાવેજ હાલના કબજેદાર **રીન્કુબેન નૈનેશભાઈ પટેલ** ના નામે કરવાનો હોય, સદર મિલકતની દિવ્ય વસુંધરા ફાયનાન્સીયર્સ કંપની ધ્વારા આપવામાં આવેલ અસલ રસીદ તથા અન્ય દસ્તાવેજી પુરાવાઓ ગેરવલ્લે થયેલ હોય, જેથી સદર મિલકત કોઈને પણ ગીરો યા લીયનમાં આપેલ હોય, વેચાણ/બક્ષીસ કરેલ હોય, અથવા અન્ય કોઈ રીતે ટ્રાન્સફર કે એસાઈન કરેલ હોય તો તેની સામે કોઈને પણ કોઈપણ જાતના વાંધા, વિરોધ, અવરોધ, અટકાયત હોય કે દર-દાવો, ચાર્જ બોજો કે લીયનના હક્કો નોંધાયેલા હોય તો દિવસ-૭ માં અમારા નીચે જણાવેલ સરનામે દસ્તાવેજી પુરાવા સહિત જાણ કરવી, જો ઉપરોક્ત મુદતમાં કોઈના કોઈપણ જાતના તર-તકરાર આવશે નહી તો સદરહુ મિલકત ઉપર કોઈનો કોઈપણ જાતનો હક્ક હિસ્સો હિત વિગેરે નથી અને હોય તો તે જતા કરેલ છે તેવું માની સદરહુ મિલકતનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ બનાવી આપવામાં આવશે. જેની આથી તમામે નોંધ લેવી.

મિલકતની વિગત

સુરત ડીસ્ટ્રીકટ, સુરતના તાલુકા : સીટીના શહેર સુરતમાં સમાવિષ્ટ મોજે ગામ : કતારગામ ના સર્વે નંબર : ૩૯૩ થી નોંધાયેલ જમીન કે જેને **ટી.પી.સ્કીમ નં. ૪**(અશ્વિનીકુમાર-નવાગામ) લાગુ પડતા ફાયનલ પ્લોટ નં. ૬૬/એ વાળી જમીન ઉપર **"દિવ્ય વસુંધરા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ"** નું આયોજન કરવામાં આવેલ છે જેમાં આવેલ પ્લોટો પૈકી **પ્લોટ નંબર :૨૭,** વાળી મિલકત, જેનું ક્ષેત્રફળ આશરે ૧૬ × ૬૦ ફુટ યાને **૯૨.૪૧ ચો.મી.** વાળી મિલકત તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હક્કો સહીતની મિલકત. તા. ૦૯/૦૬/૨૦૨૬

ઓફીસ :૧૬૨, (એન.એસ.ટી.એમ.)
ન્યુ સરદાર ટ્રેડર્સ માર્કેટ, કુંભાલ,સુરત.
મો.૯૯૨૫૨ ૨૦૫૧૭

ધર્મેન્દ્ર એસ. પ્રજાપતિ
તે મે. દિવ્ય વસુંધરા ફાયનાન્સીયર્સ પ્રા. લિ ના
(એડવોકેટ & નોટરી)

મોજે ગામ : ભરથાણા/કોસાડ, બ્લોક : ૪૮ ફાઈનલ પ્લોટ નં. ૧૬૯ વાળી બિનખેતીની જમીન અંગેની જાહેર ચેતવણીનો જાહેર જવાબ તથા જાહેર ચેતવણી

સુરત જીલ્લાનાં હાલ અબ્રમાં તાલુકાનાં મોજે **ગામ : ભરથાણા/કોસાડ નાં બ્લોક નં. ૪૮ ફાઈનલ પ્લોટ નં. ૧૬૯** વાળી ઔદ્યોગીક હેતુ માટે બિનખેતી થયેલી **૬૭૮૧ ચોરસ મીટર** જમીન અંગે ગઈ તા.૦૬/૦૬/૨૦૨૬ ના રોજ ગુજરાતમિત્ર વર્તમાન પત્રમાં વકીલ શ્રી સંજયભાઈ એમ. દુધરેજીયા દ્વારા તેમના અસીલ સંજયભાઈ સોમાભાઈ રાઠોડ તરફે પ્રસીધ્ધ કરેલી જાહેર ચેતવણી ખોટી છે. સાચી હકીકતો તથા રેકર્ડ વિરૂધ્ધની છે. જે અંગે અમોનાં અસીલ **શ્રી નિલકંઠ ઈન્ફાકોન પ્રા. લી. નાં ડિરેકટરો સુમીત મનજીભાઈ કાનાણી વિગેરેઓએ આપેલ સુચનાં તથા પૂરી પાડેલ માહીતીઓનાં આધારે જાહેર જવાબ તથા આ જાહેર ચેતવણી આપી જણાવવાનું કે,**

સદરહુ જમીન સુરત કલેકટરશ્રીનાં કાયદેસરનાં પરવાનગી અંગેનો હુકમનાં આધારે અમોના અસીલોએ ખરીદ કરેલ છે. સદરહુ **ફાઈનલ પ્લોટ નં. ૧૬૯** વાળી જમીન ઔદ્યોગીક હેતુ માટે બિનખેતી કરલામાં આવેલ છે જેમાં કુલ-૨૭ જેટલા પ્લોટો પાડવામાં આવેલા છે અને તે પૈકી ક્રમશઃ ૨૨ જેટલા ખુલ્લા પ્લોટોનું જે-તે સમયે વેચાણ પણ કરી દેવામાં આવેલ છે. સદરહુ ઔદ્યોગીક હેતુ માટે ખરીદનાર વેપારી તથા ઘંધાર્થી વ્યકતીઓએ બાંધકામ કરેલ છે. આમ રેકર્ડ પર તથા સ્થળપર આવી પરીસ્થીતીની જાણ હોવા છતા, માત્ર નાણાંકીય તોડબાજ કરવાનાં બદ-ઈરાદે કોઈપણ પ્રકારનાં વાસ્તવીક પરીસ્થીતી વિરૂધ્ધ જઈને આ સંજયભાઈ સોમાભાઈ રાઠોડનાએ ખોટી અને પાયા વિહોણી વિગતો સાથે જાહેર ચેતવણી પ્રસિધ્ધ કરાવેલી હોય જેનાથી કોઈપણ ઈસમોએ ભરમાવવુ નહી. તથા ગેરમાર્ગે દોરાવુ નહી.

વધુમાં આ જાહેર ચેતવણી આપી શુધ્ધબુધ્ધી પુર્વકનાં કાયદેસરની પરવાનગીઓ તથા હુકમોનાં આધારે ખરીદનાર અમોનાં અસીલોની શાખ માન-મર્યાદા અને પ્રતીષ્ઠાઓને હાની પહોંચાડવાં બદ-ઈરાદા પુર્વકની પ્રસિધ્ધ કરેલ જાહેર ચેતવણી વિરૂધ્ધ હાલતો ખપ પુરતો જવાબ બદનક્ષી તથા સિવીલ તેમજ ફોજદારી રાહે કાર્યવાહીઓ કરવાનો હક્કો અબાધીત રાખીને આપેલ છે.

સદરહુ મોજે ભરથાણા/કોસાડ નાં બ્લોક નં. ૪૮ ફાઈનલ પ્લોટ નં. ૧૬૯ વાળી ઔદ્યોગીક હેતુની જમીનનાં માલીકો અમોનાં અસીલો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી સુરત કલેકટરશ્રીનાં હુકમો આધારે થયેલા છીએ. વેચાણ આપનાર જમીન માલીકોએ ચેકોથી પેમેન્ટ પણ ચુકવેલ છે જે બાબતે કોઈ તકરાર થઈ ન શકે. અમોને અસીલોને મળેલા હકકોની રૂએ ખરીદનારાઓને પણ વેચાણ દસ્તાવેજો કરી આપેલા છે. જેના આધારે ખરીદનારાઓએ પણ ઘણા સમય ઉપરાંતથી બાંધકામ પણ કરી કરાવી દિધેલ છે. ત્યારે માત્ર ખોટી અને ઉપજાવી કાઢેલી તથા આધાર પુરાવા વિનાની સાચા રેકર્ડ તથા વાસ્તવીક પુરી સ્થીતી વાળી હકીકતોથી પ્રસીધ્ધ કરેલ ચેતવણી ખોટી છે. પરંતુ અમોનાં અસીલો વતી હાલની જાહેર ચેતવણી આપી જણાવવાનું કે સાચાં કોઈપણ પ્રકારાનાં ઈસમો કે તેમના મેળતીયા માણસોની વાતોમાં આવી અમોનાં અસીલોનાં કબજા-ભોગવટા તથા માલીકીની જમીનમાં કોઈ લખાણો ઉભા કરવા. કરાવવા નહી તથા હાાંત અને પત્યક્ષ કબજા ભોગવટામાં ખોટી દખલગીરીઓ કરવી નહીં. અન્યથા જવાબદરો તેમજ લાગતાં-વળગતા તમામ સામે સીવીલ તેમજ ફોજદારી રાહે હવે પછી કોઈપણ પ્રકારની સુચનાં અમો કાયદેસરની કાર્યવાહીઓ કરવાની ફરજ પડશે જેવી લાગતા-વળગતા તામામે ગંભીર નોંધ લેવી.

અમોની સુચના અને પુરીપાડેલી માહીતીઓનાં આધારે
નિલકંઠ ઈન્ફાકોન પ્રા.લી. ડિરેકટર
પ્રથમમાળ, જલારામ પોઈન્ટ, મોદી નગર,
ગામ : કઠોર, સુરત સીટી, સુરાત. મો. ૯૮૭૯૯ ૧૭૧૧૪.

હરેશભાઈ એમ. નાકરાણી
તે નિલકંઠ ઈન્ફાકોન પ્રા.લી.નાં
એડવોકેટ

-:: જાહેર ચેતવણીનો જાહેર જવાબ તથા ચેતવણી ::-

સુરત જિલ્લાના સુરત સીટીના મોજે ગામ : ભરથાણા કોસાડના રેવન્યુ સર્વે નં. ૨૦૬, બ્લોક નં. ૨૧૧, ખાતા નં. ૫૮૧ થી નોંધાયેલી જમીન જેનો સીટી સર્વે નં. **NA211** વાળી હે. આરે. ૦-૯૨-૦૭ ચો.મી. વાળી જમીન સંબંધે સંજયભાઈ સોમાભાઈ રાઠોડએ ગઈ તા. ૦૬/૦૬/૨૦૨૬ના રોજ "ગુજરાત મિત્ર" વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ કરાવેલ જાહેર ચેતવણી ખોટી અને ગેરમાર્ગે દોરનારી છે. ખરી હકીકતમાં સુરત જિલ્લાના સુરત સીટીના મોજે ગામ : ભરથાણા કોસાડના રેવન્યુ સર્વે નં. ૨૦૬, બ્લોક નં. ૨૧૧, ખાતા નં. ૫૮૧ થી નોંધાયેલી જમીન. જે સુરત જિલ્લાના સીટી સર્વે કચેરી : સુરત - ૨, સીટી સર્વે વોર્ડ : ભરથાણા- કોસાડ (બિનખેતી) શીટ નં. **NA-99,** સીટી સર્વે નં. **NA211** વાળી જમીન અમો નીચે સહી કરનાર સોમેશ્વર કો.ઓ.હા. સોસાયટીએ તમામ જમીન માલિકોની સર્વ સંમતિથી સરકારશ્રીની જરૂરી પરવાનગી લઈ કાયદેસર રીતે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૧૦૮૧૨/૨૦૨૩ની રૂએ કિંમતી વેચાણ અવેજ ચૂકવી ખરીદ કરેલ છે. હાલ સદરહું જમીન અમો સોમેશ્વર કો.ઓ.હા. સોસાયટીના કાયદેસરના કબજા ભોગવટા અને વહીવટ વપરાશ હેઠળ ચાલી આવેલી છે. સદર જમીનનો અમો સોમેશ્વર કો.ઓ.હા. સોસાયટીના લાભમાં કાયદેસરની તમામ પ્રક્રિયાઓને અનુસરીને કાયદા મુજબ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરવામાં આવેલ છે. પરંતુ સદર તમામ હકીકતોથી અમોને વેચાણ આપનારા ખેડૂતો તથા સંજયભાઈ સોમાભાઈ રાઠોડ પણ સારી રીતે માહિતગાર હોવા છતાં સંજયભાઈ સોમાભાઈ રાઠોડ ત્રાહિત ઈસમોના મેળાપીપણામાં નાણાંકીય તોડબાજી કરવાના અશુદ્ધ ઈરાદાથી તથા અમોની માલિકી કબજા ભોગવટાની જમીનમાં કાયદાકીય ગૂંચ ઊભી કરવાના બદઈરાદાથી ગુનાહિત ઈતિહાસ ધરાવતા ત્રાહિત ઈસમની ચઢામણીથી હાલની આ ખોટી અને આધાર પુરાવા વિનાની નોટીસ પ્રસિદ્ધ કરાવેલ છે. કહેવાતી જાહેર ચેતવણી પ્રસિદ્ધ કરાવનાર સંજયભાઈ સોમાભાઈ રાઠોડના પિતાશ્રી સોમાભાઈ છીતલાભાઈ રાઠોડ તથા કેશવભાઈ છીતલાભાઈ રાઠોડનાએ તેઓની હયાતી દરમ્યાન મોજે ગામ : ભરથાણા કોસાડના રેવન્યુ સર્વે નં. ૨૦૬, બ્લોક નં. ૨૧૧, ખાતા નં. ૫૮૧ થી નોંધાયેલી જમીનમાં ચાલી આવેલ તેઓનો હકક હિસ્સો તેમના સગા બહેનો (૧) લક્ષ્મીબેન છીતલાભાઈની પુત્રી તે ચંદુભાઈ રાઠોડની પત્ની તથા (૨) ગીતાબેન છીતલાભાઈની પુત્રી તે રાજુભાઈ પત્નીની તરફેણમાં તા. ૨૬/૧૨/૨૦૧૯ના રોજ રજીસ્ટ્રર બિનઅવેજી હકક કમીના લેખના આધારે કાયમી જતો કરેલ. જે બિનઅવેજી હકક કમીનો લેખ સબ-રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરી, સુરત-૯ ચોર્યાસીના દફ્તરે અનુક્રમ નં. ૦૧/૨૦૨૦ થી તા. ૦૧/૦૧/૨૦૨૦ના રોજ સાક્ષીઓની હાજરીમાં નોંધવામાં આવેલ. જે હકીકતોથી સંજયભાઈ સોમાભાઈ રાઠોડ સારી રીતે માહિતગાર ચાલી આવેલ છે. જેથી કેશવભાઈ છીતલાભાઈ રાઠોડ અસ્થિર મગજના હોવાની તથા સારૂં નરસુ સમજી શકતા ન હોવાની હકીકતો તદ્દન ખોટી અને ઉપજાવી કાઢેલી છે. આમ, સંજયભાઈ સોમાભાઈ રાઠોડનો સદર મોજે ગામ : ભરથાણા કોસાડના રેવન્યુ સર્વે નં. ૨૦૬, બ્લોક નં. ૨૧૧ વાળી જમીનમાં કોઈપણ પ્રકારનો હકક-હિત-હિસ્સો ચાલી આવેલ નથી. કહેવાતી જાહેર ચેતવણી પ્રસિદ્ધ કરાવનાર સંજયભાઈ સોમાભાઈ રાઠોડનાઓ અન્ય જમીન માલિકો સાથે મેળાપીપણામાં રહી કાયદાનો ગેરલાભ ઉઠાવવાના અશુદ્ધ ઈરાદાસર અને અમોને દબાણમાં લાવી નાણાંકીય તોડબાજી કરવા માટે બનાવટી હકીકતોવાળી, આધાર પુરાવા વિનાની અને ખોટો પુરાવો ઊભો કરવા માટેની હાલની આ કહેવાતી જાહેર ચેતવણી પ્રસિદ્ધ કરાવેલ હોવાનું જણાય છે. સંજયભાઈ સોમાભાઈ રાઠોડનાઓ ત્રાહિત ઈસમોના મેળાપીપણામાં રહી અમો તથા સોમેશ્વર કો.ઓ.હા. સોસાયટીના સભ્યો વિરૂદ્ધ કોઈપણ પ્રકારના કારણ વિના અને આધાર પુરાવા વિના વારંવાર જુદી જુદી કચેરી/ઓથોરીટીઓ સમક્ષ ખોટી અને બોગસ હકીકતોવાળી અરજી-ફરિયાદો કરી અમો પાસેથી નાણાંકીય તોડબાજી કરવાનો અશુદ્ધ ઈરાદો ધરાવી રહયા છે. તેમજ અગાઉ પણ સંજયભાઈ સોમાભાઈનાઓએ જુદી જુદી કહેવાતી હકીકતોવાળી ખોટી નોટીસો પ્રસિદ્ધ કરાવેલ છે. જે નોટીસોનો પણ અમોએ તબકકાવાર અને સત્ય હકીકતો જાહેર કરતો જવાબ પ્રસિદ્ધ કરાવેલ છે. તેમજ સંજયભાઈ સોમાભાઈ રાઠોડનાઓએ પ્રસિદ્ધ કરાવેલ જાહેર ચેતવણીમાં અમો રોહિતભાઈ લાલજીભાઈ ગાજીપરા તથા સોમેશ્વર કો.ઓ.હા. સોસાયટીની બદનામી અને બદનક્ષી થાય તેવા પાયા વિહોણા આક્ષેપો કરવામાં આવેલ છે. **જે સંબંધે અમો તથા સોમેશ્વર કો.ઓ.હા. સોસાયટી સંજયભાઈ સોમાભાઈ રાઠોડ વિરૂદ્ધ કાયદેસરની ફોજદારી તથા સિવિલ કાર્યવાહી પણ કરનાર છીએ. જેથી સંજયભાઈ સોમાભાઈ રાઠોડનાએ ત્રાહિત ઈસમોની ચઢામણીથી ગઈ તા. ૦૬/૦૬/૨૦૨૬ના રોજ "ગુજરાત મિત્ર" વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ કરાવેલ જાહેર ચેતવણી ખોટી અને જાહેર જનતાને ગેરમાર્ગે દોરનારી હોય, જેથી આવી જાહેર ચેતવણીથી કોઈએ ગેરમાર્ગે દોરાવવું નહીં.**

રોહિતભાઈ લાલજીભાઈ ગાજીપરા જાતે પોતે તથા
સોમેશ્વર કો.ઓ.હા. સોસાયટીના પ્રમુખ અને અધિકૃત વ્યકિત તરીકે

પશ્ચિમ રેલવે

કોઈલ સ્પ્રિંગ માટે બોગી ફ્રેમ એસેમ્બલી

કોઈલ સ્પ્રિંગ માટે બોગી ફ્રેમ એસેમ્બલી ડેપ્યુટી ચીફ મટીરીયલ્સ મેનેજર, કેરેજ રિપેર વર્કશોપ, લોઅર પરેલ, મુંબઈ 400 013, ટેન્ડર નોટિસ નંબરઃ 52265713 આમંત્રિત કરે છે. ટૂંકી વિગત (વર્ણન): LHB કોચની કોઈલ સ્પ્રિંગ ફિઆટ બોગી માટે બોગી ફ્રેમ એસેમ્બલી ટેન્ડર જથ્થોઃ ૨૦ નંગ કુલ કિંમતઃ ૬૭૦૩૦૬૦.૮૦ છેલ્લી તારીખઃ 03/07/2026. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.inની મુલાકાત લો. 0212

અમને લાઇક કરો : facebook.com/WesternRly

મોજે ગામ : વેસુનાં બ્લોક નંબર : ૪૧૧/૨/૨ વાળી જમીન અંગે જાહેર ચેતવણી

જત મારા અસીલણની સુચનાથી આજરોજ લગતા વળગતા તમામ ને જાહેર ચેતવણી આપી જણાવવાનું કે, ડિસ્ટ્રીક્ટ સુરત, સબ-ડિસ્ટ્રીક્ટ યાને તાલુકે : મજુરા ના મોજે **ગામ : વેસુ** ના રેવન્યુ **સર્વે /બ્લોક નંબર : ૪૧૧/૨/૨, ખાતા નંબર : ૩૭૨૧** થી નોંધાયેલી જમીન કે જેનું ૭/૧૨ અનુસાર સુમારે ક્ષેત્રફળ **હે. ૦-૩૧-૫૪.૨૫ આરે.ચો.મી. યાને ૩૧૫૪.૨૫ ચો.મી.** છે અને જેનો આકાર **રૂ.૧૯.૭૧ પૈસા** છે. તેવી જૂની શરત સત્તા પ્રકારવાળી જમીન તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હક્કો સહિત દરોબસ્ત **રમણભાઈ બાલુભાઈ વિગેરેને** વારસાઈ હકકે પ્રાપ્ત થયેલી છે. આમ, સદરહુ વડીલોપાર્જીત જમીનોમાં **રમણભાઈ બાલુભાઈનાં સીધીલીટીનાં વારસદાર તરીકે મારા અસીલણ મધુબેન રમણભાઈ પટેલ તે અરવિંદભાઈની પત્ની** નો કાયદેસરનો વણ-વહેચાયેલ હકક, હિત, હિસ્સો ચાલી આવેલ છે. મારા અસીલણ તેઓનો પહોંચતો કાયદેસરનો વણ-વહેચાયેલો હકક, હિત, હિસ્સો કોઈપણ ઈસમના લાભમાં કોઈ પણ પ્રકારે જતો કરેલો નથી કે તે અંગે કોઈપણ લખાણો લખી આપેલ નથી તેમ છતાં સદર જમીનનાં અન્ય સહ-માલિકો મારા અસીલણની સહી, સંમતી વિના અન્ય કોઈને વેચવા કરવા ફરી રહેલ છે. જેથી અન્ય કોઈપણ વ્યકિત, સંસ્થા કે ઈસમે અમારા અસીલણની સહી, સંમતિ વિના નીચે જણાવેલ જમીનો અંગે વેચાણના યા હરકોઈ પ્રકારે વ્યવહારો કરવા-કરાવવા નહી અને તેમ છતા પણ જો કોઈપણ પ્રકારે વ્યવહારો કરવા-કરાવવામાં આવશે તો તે અમારા અસિલણને કબૂલ, મંજુર અને બંધનકર્તા રહેશે નહીં, અને તેઓ તમામને કાનૂની તકરાર સીવાય કશુ પ્રાપ્ત થશે નહીં અને તેવા વ્યવહારો કરનાર તમામ વ્યકિત, સંસ્થા કે ઈસમ વિરૂધ્ધ અમારા અસીલ દીવાની તથા ફોજદારી રાહે કાયદેસરના તમામ પગલા ભરશે. જેની જાહેર જનતા તથા લાગતા વળગતા તમામે ગંભીર નોંધ લેશો. **તારીખ : ૦૮/૦૬/૨૦૨૬ અસીલની સુચનાથી.**

વિવેક પી. સુરતી । અમિત એસ. પટેલ । હર્ષ એ. પટેલ
એડવોકેટ્સ
જી-૪૯, અવધ અરેન, વી.આઈ.પી. રોડ, વેસુ, સુરત. મો. ૯૦૩૩૨ ૪૧૮૪૧

મોજે વડોદ ના બ્લોક નંબર ૧૪૦ વાળી ખેતીની જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

જીલ્લા સુરત ના તાલુકા ઓલપાડ ના ગામ **મોજે વડોદ** ના ખાતા નંબર ૪૧૩, રે.સ. નં. ૭૩/૨, **બ્લોક નંબર ૧૪૦** વાળી હે. આરે. ૦-૪૭-૫૫ ચો.મી. અને આકાર રૂ. ૬.૧૨ પૈસા ધરાવતી બીનખેતી પ્રીમીયમ પાત્ર ખેતીની જમીન તેના માલિક/ કબજેદાર **દેવરાજભાઈ હરજીભાઈ વિરાણી** ની સ્વતંત્ર માલિકની ચાલી આવેલ છે. સદરહું જમીન તેઓની સ્વતંત્ર માલિકી, પ્રત્યક્ષ કબજા, વહીવટ-વ્યવસ્થા, ભોગવટાની તેમજ નકરજી, નબોજી ચોખ્ખા ક્લીયર અને માર્કેટેબલ ટાઈટલ વાળી ચાલી આવેલ હોવાનું જણાવી તમામ પ્રકારના બોજા રહિત હમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહું જમીન ઉપર અન્ય કોઈ ભાગીદારો, વારસદારો, વ્યકિત, સંસ્થા, મંડળી, બેંક વિગેરે હરકોઈના લાગભાગ, હકક/હિસ્સા, દર/દાવા, જપ્તી, અવલ/જપ્તી, લેણું-બોજા, સોદા, સાટાખત, પાવર ઓફ એટર્ની યા કોઈ કોર્ટ પ્રકરણો વિગેરે હોય, તો તેમણે કાયદેસરના લેખીત પુરાવા સહીત દીન-૭ માં તે અંગેની સંપુર્ણ ખાત્રી રૂબરૂ મળી હમોને કરાવવી. મુદત વિત્યા બાદ સદરહું જમીનમાં કોઈના કોઈપણ પ્રકારના હિત, સબંધ, હક, હિસ્સા કે લાગભાગ, દર/દાવા વિગેરે નથી અને હોય તો તે જતા કર્યા છે. એમ માની લઈ મારા અસીલ મજકુર માલિકો સાથે વેચાણ અંગેના વ્યવહારો કરી, જરૂરી કાયદેસરના લખાણો જે તે માલીક પાસેથી કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર તકરાર, વાંધો, વિરોધ ચાલશે નહી, તેની લાગતા વળગતા સૌએ નોંધ લેવી. તા. ૦૯/૦૬/૨૦૨૬

૨૧૩, રાજદીપ કોમ્પલેક્ષ,
સીગણપોર ચાર રસ્તા,
વેડરોડ, કતારગામ રોડ, સુરત.
મો.નં. ૯૯૨૪૬ ૪૧૦૨૮

ધવલ એ. ભલાણી
(એડવોકેટ)
(અસીલની સુચના અને ફરમાઈશથી)

મોજે : કુંકણીના, બ્લોક નં. ૧૦૮, વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડી. સબ ડી. ઓલપાડના મોજે : કુંકણીના રે.સ.નં : ૧૩૫, ૧૩૪/૨, બ્લોક નંબર : ૧૦૮, ખાતા નં : ૭૩ વાળી ખેતીની જુની જમીન જેનું ક્ષેત્રફળ હે. ૧-૫૨-૭૭ આરે ચો.મી. છે. જેનો આકાર રૂ. ૧૭.૩૧ પૈસા છે. સદર જમીન પ્રવિણભાઈ બાલુભાઈ પટેલ, લક્ષ્મીબેન બાલુભાઈ, પાર્વતીબેન બાલુભાઈ, સચીનકુમાર નગીનભાઈ પટેલ, રચનાકુમારી તે નગીનભાઈ પટેલની પુત્રી અને કમલેશકુમારની પત્ની અને અંજનાબહેન તે નગીનભાઈ પટેલની પુત્રી અને વિપુલકુમારની પત્નઓની માલિકીની અને પ્રત્યક્ષ કબજા ભોગવટા તથા તમામ ટાઈટલ કલીયર તેમજ બોજા રહિત હોવાનું જણાવી સદર જમીન પૈકી દક્ષિણ દિશા તરફની હે. ૦-૭૮-૦૪ આરે ચો.મી. જમીન હમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે. માટે, સદર જમીન બાબતે કોઈપણ વ્યકિત કે સંસ્થાનો વાંધો, હક્ક, હીત હિસ્સો, લાગભાગ, દર દાવો, તર-તકરાર, હિત સંબંધ કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈપણ રીતે હક્ક હીત હિસ્સો હોય અથવા પહોંચતો હોય તો અથવા કોઈ બેંક કે સંસ્થાનું લેણું હોય તો નીચેના સરનામે રૂબરૂ આવી દિન-૭ માં પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસૂર કરશો તો આ નોટીસની મુદ્દત વિત્યે સદર જમીનમાં કોઈ વ્યકિત કે સંસ્થાનો કોઈ પણ જાતનો હક્ક હીત હિસ્સો કે લાગભાગ કે લેણું નથી અને હોય તો જતો કરેલો છે એમ માની હમારા અસીલ પાકા વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારપછી કોઈ પણ વ્યકિત કે સંસ્થાની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહિ અને તેવી વ્યકિતઓને કોઈપણ જાતના હક્ક પ્રાપ્ત થશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઠે. :- ૧૧૧, સેંન્ટપાર્ક, ગુજરાત ગેસ સર્કલની સામે, અડાજણ, સુરત.
તા. ૦૯/૦૬/૨૦૨૬.
મો. નં. ૯૮૨૫૧-૧૬૬૦૨.

-:: અમારી મારફત ::-
ગેમલસિંહ એમ. ઠાકોર
રીશીરાજ ગેમલસિંહ ઠાકોર
એડવોકેટસ

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતા તેમજ લાગતા વળગતા તમામને જણાવવાનું કે, જિલ્લો નવસારી, તાલુકો જલાલપોર, **મોજે ગામ ભીનાર** ના **રે.સ.નં. ૩૦૦/૧, બ્લોક નં. ૩૨૯, રી-બ્લોક નં. ૩૩૫** થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન, જેનું ક્ષેત્રફળ ૭૨૫૫ ચો.મી. છે, જેનો આકાર રૂ. ૪-૦૫ પૈસા છે તે ખેતીની જમીન **ચીમનભાઈ રામજીભાઈ પટેલ** નાએ પોતાની સ્વતંત્ર માલીકી, કબજા ભોગવટાની હોવાનું જણાવીને હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહુ જમીન બાબતે કોઈ વ્યકિત, બેંક યા સંસ્થા, સરકારી તથા અર્ધસરકારી કચેરી યા અન્ય કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હિત, કબજો, દરદાવો, લીયન, ચાર્જ, લેણાં યા બોજા, ખોરાકી/ભરણ પોષણના હકક, રસ્તા વાપરવાના હકક યા ઈઝમેન્ટના હકક હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અમોને પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે, સદરહુ જમીનમાં કોઈપણ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ પ્રકારે લાગભાગ, હકક, હિસ્સા, હિતસંબંધ કે અધિકાર નથી અને હોય તો તે જતા કર્યા છે યાને છોડી દીધો છે એમ માની અમારા અસીલ સદરહુ જમીનનો પાકો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. જે અંગે ભવિષ્યમાં કોઈની કોઈપણ તકરાર, દાવો ચાલશે નહીં. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

અસીલની સૂચના અને ફરમાઇશથી-
તા.૦૮/૦૬/૨૦૨૬
ઓ : ૩૦૨, મથુરા ભવન, રામનગર,
રાંદેર, સુરત મો.નં. ૯૮૭૯૬૦૬૦૧૦

પરેશ સી. ચૌહાણ
તે ખરીદનારના એડવોકેટ

ડિસ્ટ્રીક્ટ સુરત સબ ડિસ્ટ્રીક્ટ યાને તાલુકે ઓલપાડ ના મોજે ગામ : ઉમરાછીના બ્લોક નંબર : ૬૨ થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સર્વેને જણાવવાનું કે, ડિસ્ટ્રીક્ટ સુરત સબડિસ્ટ્રીક્ટ યાને તાલુકે **ઓલપાડ** ના મોજે ગામ : **ઉમરાછી**ના **રેવન્યુ સર્વે નંબર : ૨૪, બ્લોક નંબર : ૬૨, ખાતા નંબર : ૩૪૧** થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન કે, જેનું ક્ષેત્રફળ **હે.આરે.ચો.મી. ૧-૨૪-૪૪ યાને ૧૨૪૪૪-૦૦ ચોરસ મીટર** છે અને જેનો આકાર **રૂ. ૨૨-૦૦ પૈસા** છે, તે જુની શરતની ખેતીની જમીનના સંપૂર્ણ અને સ્વતંત્ર માલીક કબજેદાર તરીકે **સંજયસિંહ અર્જુનસિંહ ઠાકોર** નાઓએ તમામ રીતના ટાઈટલ કિલયરન્સ અને માર્કેટેબલ હોવાનું તેમજ સદરહુ જમીનના સંપૂર્ણ અને સ્વતંત્ર માલીક કબજેદાર તરીકે સદરહુ જમીનની તેમને એકલાને હરકોઈ રીતની વહીવટ વ્યવસ્થા કરવાનો હક્ક અને અધિકાર હોવાનું જણાવી મારા અસીલને તમામ હક્કો સહીત વેચાણ આપવા નક્કી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જે કોઈ વ્યકિત યા સંસ્થાનો, બેન્ક યા બેન્કીંગ જેવી સંસ્થાનો કોઈપણ જાતનો લાગ-ભાગ, હક્ક-હિત-હિસ્સો, સંબંધ-હીત-દર-દાવો, હુકમનામું કે ખોરાકી-પોષાકીના હક્કો કે બોજો કે કબજો હોય કે સદરહુ વેચાણ આપવા સામે કે અન્ય કોઈપણ રીતનો વાંધો યા વિરોધ હોય તો તેમણે લેખીતમાં પુરાવા સહિત **દીન-૭ (સાત)** માં હમોને જાણ કરવી. મુદત વિત્યે કોઈના કશા પ્રકારના હક્ક-હિત-હિસ્સા દર-દાવા, બોજા, સંબંધ કે કબજા નથી અને હોય તો તે છોડી દીધેલા છે, તેમ ગણી મારા અસીલ વ્યવહાર પુર્ણ કરી પાકા રજીસ્ટર્ડ લખાણો કરાવી લેશે. તે બાદ કોઈની તર-તકરાર ધ્યાને લેવાશે નહી, તેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૦૯.૦૬.૨૦૨૬ ઉપરોક્ત નોટીસ અસીલની સુચના અને ફરમાઈસથી આપેલ છે.

અમર વી. પટેલ (એડવોકેટ)
SAHAJ LEGAL LAW FIRM
સુરત ઓફિસ : ૨૦૫, રીજન્ટ સ્કવેર, ડી માર્ટની ઉપર, અડાજણ, સુરત.
ઓલપાડ ઓફિસ : ૨૨૨-૨૨૩, દ્વારકાધીશ કેમ્પસ, તાલુકા સેવાસદનની સામે,
બારડોલી ઓફિસ : ૧૦૧-૨ શ્રીજી કોમ્પ્લેક્સ કોર્ટ ની બાજુમાં, બારડોલી
મો. ૯૮૨૫૧ ૪૨૪૦૧ www.sahajlegallawfirm.com

ભરૂચ, તા. હાંસોટ, મોજે કઠોદરા, નવા બ્લોક નં. ૧૯૯ વાળી જમીન વેચાણ અંગેની જાહેર નોટીસ

ભરૂચ ડીસ્ટ્રીકટ, સબ-ડી.-તા. હાંસોટ, મોજે ગામ કઠોદરા, જુના બ્લોક/રે.સ.નં. ૧૨૫/અ, રી.સર્વે નવો બ્લોક/ રે.સ.નં.૧૯૯ વાળી ક્ષેત્રફળ હે. આરે. ૨-૩૨-૦૨ ચો.મી.વાળી ખેતીની જમીનના રેવન્યુ રેકર્ડ પરના માલીકો (૧) કમળાબેન કેશવલાલ (૨) અજય કેશવલાલ (૩) અક્ષયકુમાર કેશવલાલ તથા (૪) વૈશાલીબેન કેશવલાલની દિકરી તે હેતલકુમાર પ્રફુલભાઈની પત્ની નાઓએ પોતાની સંપુર્ણ માલિકી, કબજા ભોગવટાની તથા ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલ રહેલા હોવાનું જણાવી તથા તમામ બોજાઓ મુકત કરી આપી હમારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણ આપવા નકકી કરેલ છે.

જે સંજોગોમાં, મજકુર જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, બોજો કે લાગભાગ, કબજા હકક, ઈઝમેન્ટ રાઈટ્સ યા ગણોત હકકે કે વારસાઈ હકક યા અન્ય કોઈપણ સાટાખતના હકકો કે ચાર્જ, લીયન, બોજો વિગેરે હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં પુરાવા સહિત હમોને લેખિત જાણ કરવી. મુદતમાં કોઈના વાંધા ન આવશે તો કોઈના હકક નથી યા તો હકક છોડી દીધેલ છે તેમ માની સદરહુ જમીન ખરીદ કરવા અંગેના કાયદેસરના લખાણ/ રજી. વેચાણ દસ્તાવેજ મારા અસીલ તેના માલીક પાસેથી કરી-કરાવી લેશે અને પાછળથી કોઈની તકરાર ચાલી શકશે નહીં. જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

ઓ : ૩૦૭, મારવેલા બીઝનેશ હબ,
આર.ટી.ઓ. કચેરીની સામે, પાલ
સુરત ૩૯૫૦૦૯ મો.નં.૯૮૨૫૨૪૦૭૭૭

રાજેન્દ્રસિંહ ટી. દેવધરા
તે ખરીદનારના એડવોકેટ

જાહેર નોટીસનો જાહેર જવાબ

એડવોકેટશ્રી ચંદ્રસિંહ આઈ. વાંસિયા તથા રાહુલ આર. પરમાર ઠેકાણુ :- ઓફીસ નંબરઃ-૨૧૯ જલ દર્શન ટાવર, બહુમાળી મકાન પાસે, નાનપુરા સુરતનાઓ તા.૨૮/૦૫/૨૦૨૬ નાં રોજ સુરત જીલ્લાના ઉધના તાલુકાના મોજે પાલી ખાતે આવેલ બ્લોક નંબરઃ- ૨૨ જેનુ ક્ષેત્રફળ હે. આરે.ચો.મી. ૩-૭૩-૩૩ આકાર રૂા. ૫૬.૧૮ વાળી મિલકત અંગેની જાહેર નોટીસ આપી છે. જે સંદર્ભે તેમની સદરહું નોટીસનો નીચે મુજબ લેખિત જવાબ આપ્યો છે.તમારી નોટીસમાં જણાવેલ હકીકતો સાચી હકીકતો છુપાવી અને રેકર્ડથી વિસંગત રીતે દર્શાવી તે દ્વારા જાહેર જનતાને ગેરમાર્ગે દોરવામાં આવેલ છે. સાચી હકીકતમાં સદરહું જાહેરાતમાં દર્શાવવામાં આવેલ હિસ્સોઓ પણ ખોટો અને ગેરમાર્ગે રીતે દર્શાવવામાં આવ્યો છે. ખરી હકીકતમાં સદરહું મિલકત શ્રી અરવિંદભાઈ મોઘાભાઈ વૈધ હમારી અસીલોની જાણ તથા સંમતી વિના ટ્રાન્સફર તબદીલ તથા એસાઈન કરવાની તજવીજ કરી રહેલ છે અને જે દ્વારા હમારા અસીલોની માલિકી હકક હિસ્સો દુબાવવાની તજવીજ કરી રહેલ છે. સદરહું મિલકત અંગે રેવન્યુ પ્રકરણો તથા સીવીલ કેસોની નોધો પણ ચાલી આવેલ છે. જેથી એકંદર તમામ સંજોગોમાં આથી જાહેર જનતાને જણાવવાનું કે ઉપરોકત મિલકત અંગે હમારા અસીલોની લેખિત જાણ તથા સંમતિ વિના કોઈએ કોઈપણ રીત અને પ્રકારના વ્યવહારો કરવા કરાવવા નહી. આ જાહેર સુચના દ્વારા કોઈપણ ઈસમ કે સંસ્થા હમારા અસીલોની જાણબાર અને લેખિત સંમતિ વિના કોઈપણ રીત અને પ્રકારના મિલકતને ટ્રાન્સફરને લગતા વ્યવહારો કરશે કે કરાવશે તો તે કાયદામાં શરૂઆતથીજ ઈલિગલ અને વોઈડ ગણાશે એટલુ જ નહી પરંતુ સદર સંજોગોમાં મિલકત વેચાણ આપનાર તથા ખરીદનાર વિરૂધ્ધ હમારા અસીલોએ કાયદેસરની કાર્યવાહી કરવાની ફરજ પડશે. જેની જાહેર જનતાએ સ્પષ્ટ પણે નોધ લેવી.

દિપકકુમાર અંબેલાલ વૈધ, યજ્ઞેશ ઠા. વૈધ, ભારતીબેન ઠા. વૈધ

અસીલની સુચનાથી, **સની બીપીનભાઈ નાયક**
તે દિપકકુમાર અંબેલાલ વૈધ, યજ્ઞેશ ઠાકોરભાઈ વૈધ તથા
ભારતીબેન તે ઠાકોરભાઈ અંબેલાલ વૈધની વિધવાના એડવોકેટ
તા. ૦૬-૦૬-૨૦૨૬
રહે. :- અનસાડ ફળીયા, આમરી, તા. જી. નવસારી. મો.: 9687788799

જાહેર નોટીસ

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ-ડિસ્ટ્રીકટ તાલુકો પુણા ના મોજે ગામ **મગોબ** ના **સર્વે નંબર : ૭૧/૨અ, બ્લોક નંબર : ૧૩૩/પૈકી ૧** વાળી સુમારે ૯૬૧૧ ચોરસ મીટર બીનખેતીની જમીન તથા **સર્વે નંબર : ૭૧/૨બ, બ્લોક નંબર : ૧૩૩/પૈકી ૨** વાળી સુમારે ૧૯૨૨ ચોરસ મીટર બીનખેતીની જમીન મળી કુલ્લે ૧૧૫૩૩ ચોરસ મીટર બીનખેતીની જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમ નંબર : ૫૩ (મગોબ-ડુંભાલ) મા થતા તેને હાલ **ફાઈનલ પ્લોટ નંબર : ૪૬** જેનુ ક્ષેત્રફળ ૪૬૧૩ ચોરસ મીટર યાને ૫૫૧૭ ચોરસ વાર ફાળવવામાં આવેલ છે તે બીનખેતીની ઉપયોગની જમીન **(૧) ઈશ્વરભાઈ ગોપાળભાઈ (૨) દયારામભાઈ ગોપાળભાઈ (૩) ચંપકભાઈ ગોપાળભાઈ (૪) હંસાબેન ગોપાળભાઈ તે ચંદ્રવદનભાઈ પટેલની પત્ની (૫) નાનુભાઈ ગોપાળભાઈ** ની માલીકી, કબજા, ભોગવટા હેઠળની ચાલી આવેલ હોવાનુ જણાવી તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનુ નક્કી કરેલ છે. સદરહુ ઉપરોક્ત વર્ણન અને વિગત વાળી જમીનમાં કોઈપણ વ્યક્તિ, બેંક, સંસ્થાને કોઈપણ પ્રકારનો વાંધો-વિરોધ, લાગભાગ, હક્ક, હીત, સંબંધ કે દાવો, લીયન બોજો કે સાટાખત કે અન્ય કોઈપણ પ્રકારના લખાણો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે **દીન-૭** માં અમોને લેખીત પુરાવાઓ લઈ મળવુ, તેમ થવામા કસુર થયેથી સદરહુ ઉપરોક્ત વર્ણન અને વિગત વાળી જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો-વિરોધ, તર-તકરાર, લાગભાગ, હક્ક, હીત કે બોજો કે સાટાખત કે અન્ય કોઈપણ પ્રકારના લખાણો નથી અને હોય તો તે છોડી દીધેલ છે તેમ માની, સદરહુ ઉપરોક્ત વર્ણન અને વિગત વાળી જમીનના માલીક **(૧) ઈશ્વરભાઈ ગોપાળભાઈ (૨) દયારામભાઈ ગોપાળભાઈ (૩) ચંપકભાઈ ગોપાળભાઈ (૪) હંસાબેન ગોપાળભાઈ તે ચંદ્રવદનભાઈ પટેલની પત્ની (૫) નાનુભાઈ ગોપાળભાઈ** ને પુરેપુરો વેચાણ અવેજ ચુકવીને સદરહુ ઉપરોક્ત વર્ણન અને વિગત વાળી જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ મારા અસીલના નામે કરી કરાવી લેવામા આવશે. ત્યાર બાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, વાંધો વિરોધ, દાવા-દુવી અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફિસ : ૩૦૩, પાર્ક એવન્યુ,
શ્રીધર પેટ્રોલ પંપ પાછળ,
પોદ્દાર આર્કેડ થી લંબે હનુમાન રોડ,
વરાછા, સુરત. મો. ૯૮૨૫૫ ૬૭૬૨૪

હર્ષદકુમાર બી. વાડદોરીયા
તે ખરીદનારના એડવોકેટ